સાબરકાંઠા જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૬.૩૨ ટકા પરિણામ

ઇડર કેન્દ્રનું સૌથી વધુ ૭૫.૨૪ ટકા પરિણામ જ્યારે વડાલીનું માત્ર ૪૮.૧૨ ટકા : ઈકયુસી ગ્રેડમાં જિલ્લાના ૧૮૬૭ વિદ્યાર્થીઓનો સમાવેશ

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રવિવારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૬૬.૩૨ ટકા પરિણામ જાહેર કરાયુ છે. જિલ્લામાં સૌથી વધુ ઉંચુ પરિણામ ઇડર કેન્દ્રનું ૭૫.૨૪ ટકા જયારે વડાલી કેન્દ્રનું સૌથી ઓછુ પરિણામ ૪૮.૧૨ ટકા આવ્યુ છે.

કોરોના વાયરસની મહામારી વચ્ચે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ રવિવારે જાહેર કરાયુ હતું. જિલ્લામાં ૨૮૨૮ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું જે પૈકી ૨૮૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૮૬૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ જાહેર કરાયા હતા. જયારે ૯૬૧ વિદ્યાર્થીઓ એક અથવા વધુ વિષયમાં નાપાસ થયા હતા. જિલ્લામાં હિંમતનગર કેન્દ્રનું ૬૭.૭૪ ટકા પરિણામ, ઇડર કેન્દ્રનું ૭૫.૨૪ ટકા પરિણામ, જયારે તલોદ કેન્દ્રનું ૬૭.૧૨ ટકા અને વડાલી કેન્દ્રનું ૪૮.૧૨ ટકા પરિણામ જાહેર થયુ છે. જિલ્લામાં આમ સૌથી વધુ પરિણામ ઇડર કેન્દ્રનું, જયારે સૌથી ઓછુ પરિણામ વડાલી કેન્દ્રનું આવ્યુ છે. કોરોના વાયરસની મહામારીના પગલે વિદ્યાર્થીઓ, વાલીઓમાં પણ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ કેવુ આવશે તેની ચિંતા થતી હતી.

કયા ગ્રેડમાં કેટલા વિદ્યાર્થીઓ

ગ્રેડ	વિદ્યાર્થીઓની સંખ્યા
એ-૧	૦૦
એ-૨	૨૦
બી-૧	૧૨૪
બી-૨	૩૨૯
સી-૧	૫૧૨
સી-૨	૬૯૬
ડી	૧૮૬

એ-૧ ગ્રેડમાં એકપણ વિદ્યાર્થી ઉત્તીર્ણ ન થયો

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ રવિવારે જાહેર થયુ છે તેમાં એ-૧ ગ્રેડમાં એકપણ વિદ્યાર્થીનો સમાવેશ થયો નથી. જયારે એ-૨ ગ્રેડમાં પણ માત્ર ૨૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. પરિણામવાર જોઇએ તો બાયોલોજી ગૃપના વિદ્યાર્થીઓ કરતા મેથ્સ ગૃપના વિદ્યાર્થીઓ સારૂ પરિણામ મેળવવામાં સફળ રહ્યા છે. વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે. વ્યાસ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વડગામની ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ ધો-૧૨નું પરીણામ ૭૩.૫૮ ટકા

વડગામ તાલુકા મથકે આવેલ ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સનું ધોરણ ૧૨ સાયન્સનું પરીણામ ૭૩.૫૮ ટકા આવ્યું છે. ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ વડગામમાં કુલ ૫૩ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા આપી હતી. ૩૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૧૪ વિદ્યાર્થીઓ નાપાસ થવા પામ્યા છે.

નિમિષા એચ. પ્રજાપતિ રહે. નાવિસણા, ૯૫.૭૮ પરસન્ટાઇન મેળવેલ છે. અર્પિતા બી. ચૌધરી ૯૨.૯૮ પર્સન્ટાઇન જીનલ એચ. ચૌધરી ૮૯.૮૦ પર્સન્ટાઇ તેમજ ઝરણા કે. સોલંકી ૮૯.૮૦ પર્સન્ટાઇન મેળવીને શિળા તેમજ ગામ સાથે તાલુકાનું ગૌરવ વધારેલ છે. ગેલેકસી સ્કૂલ ઓફ સાયન્સ વડગામના ટ્રસ્ટી કાનજીભાઈ ચૌધરી તથા સ્કૂલ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

અરવલ્લી જિલ્લાનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૨.૨૬ ટકા પરિણામ જાહેર

વિદ્યાનગરી ગણાતા મોડાસા સહિત જિલ્લામાં એક પણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરવામાં સફળતા ન મળી

મોડાસા, તા. ૧૭

ગુજરાત રાજયમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ રવિવારના રોજ જાહેર થયું હતું. જેમાં અરવલ્લી જિલ્લાનું ૬૨.૨૬ ટકા પરિણામ રહ્યું હતું. ગત વર્ષની સરખામણી જોઈએ તો જિલ્લાનું આશરે ૦.૪૬ ટકા પરિણામ વધુ રહ્યું હતું. જિલ્લાના બે કેન્દ્રો પરથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓમાંથી એક પણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરવામાં સફળતા મળી ન હતી.

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાઈ હતી. જેનું પરિણામ રવિવારે જાહેર થતા કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ચાલુ વર્ષે ૧૮૫૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ૧૮૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપી હતી. આ વિદ્યાર્થીઓ પૈકી ૧૧૫૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ રહ્યા હતા. જ્યારે ૭૦૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ જાહેર થયા હતા.

આ વર્ષે અરવલ્લી જિલ્લાનું ૬૨.૨૬ ટકા પરિણામ આવતાં કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરીક્ષામાં જવલંત સફળતા હાંસલ કરેલ વિદ્યાર્થીઓને મોઢુ મીઠું કરાવી શાળા પરિવારોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓએ કયો ગ્રેડ મેળવ્યો

ગ્રેડ	વિદ્યાર્થીઓ
એ-૧	૦
એ-૨	૯
બી-૧	૮૬
બી-૨	૧૮૪
સી-૧	૩૪૧
સી-૨	૪૨૫
ડી	૧૦૯
એફ-૧	૧
કુલ	૧૧૫૫

અરવલ્લીમાં વતનમાં રવાના થયેલા પરપ્રાંતિયો પાસેથી રૂ. ૭૦૦ લેતા રાજકારણ ગરમાયું

કોંગ્રેસે આશ્રિતોનું ભાડું ચૂકવવા તૈયાર છતાં તંત્રે યાદી ન આપી

લોકડાઉનનો ત્રીજો તબક્કો પૂર્ણ થવાને ગણતરીના કલાકો બાકી હોવા છતાં શ્રમિકોની ધીરજ ખૂટી ગઈ છે. ન તો તેમની પાસે પૈસા છે કે ન તો ખાવાનો ખોરાક અને હવે લોકડાઉન ક્યાં સુધી ચાલુ રહેશે તેનો પણ કોઈ અંદાજ નથી. જેને કારણે શ્રમિકો હવે પોતાની ધીરજ ગુમાવી બેઠાં છે અને બીજી બાજુ સરકારની પણ નિષ્ફળતા છતી થાય છે. સરકારે શ્રમિકોની સદંતર અવગણના જ કરી છે. મજૂરો રસ્તા પર ઉતરી આવ્યા બાદ જ સરકારે ટ્રેન અને બસોની સેવા કરી છે. તે પણ જોઈએ તેટલાં પ્રમાણમાં નથી. લાખોની સંખ્યામાં વતન જવા માગતા મજૂરો માટે સરકારની વ્યવસ્થા ખોરંભે ચઢી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં રહેલા ૧૧૦૦ જેટલા પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલવા બસ મારફતે પાલનપુર જવા રવાના કરતા પહેલા શ્રમિકો પાસેથી ૭૦૦ રૂપિયા રેલવેની ટિકિટ આપી ખંખેરવમાં આવ્યા હોવાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલાવ સરકાર ખર્ચ ઉઠાવી રહી છે અને કોંગ્રેસ પરપ્રાંતીય શ્રમિકોનું ભાડું ચુકવશેના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે હાલ તો રાજકીય હુંસાતુંસીમાં શ્રમિકોની અને તંત્રની હાલત સુડી વચ્ચે સોપારી જેવી બની છે.

અરવલ્લી કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહે જણાવ્યું હતું કે જીલ્લામાં રહેતા ૧૧૦૦ જેટલા પરપ્રાંતીય લોકોને ૪૦ જેટલી એસટી બસ મારફતે પાલનપુર રેલવે સ્ટેશન મોકલવાની કામગીરી વહીવટી તંત્રએ કરતા શ્રમિકોના ખબર-અંતર પૂછવા કોંગ્રેસના ધારાસભ્યો અને કોંગ્રેસના અગ્રણીઓ સાથે અમે બસ સ્ટેન્ડની મુલાકાત લેતા શ્રમિકોએ તેમની પાસેથી બસના ભાડા પેટે ૭૦૦ રૂપિયા ઉઘરાવ્યા હોવાની રજુઆત કરતા સરકારની બેધારી નીતિ સામે રોષ ઠાલવી તંત્રને શ્રમિકો પાસેથી કોઈપણ જાતનું ભાડું વસુલવામાં ન આવે તંત્ર ભાડાની કોઈ વ્યવસ્થા ન કરતુ હોય તો કોંગ્રેસ શ્રમિકોનું ભાડું ચૂકવવા તૈયાર હોવાનું જણાવ્યું હતું તેમ છતાં તંત્રએ યાદી આપી ન હતી અને આજે રવાના બસ મારફતે રવાના થયેલા પરપ્રાંતીયો બસમાં બેસતાની સાથે રેલવેની ટિકિટ હાથમાં પકડાવી ૭૦૦ રૂપિયા લેવામાં આવતા ખુબ જ દુઃખદ ઘટના ગણાવી હતી.

બીજી બાજુ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલવા માટે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રે ફૂડ પેકેટ અને પાણીની વ્યવસ્થા સાથે સ્ક્રીનિંગ કરી મોકલવામાં આવતા તંત્રની કામગીરીની સરાહના કરી હતી. અરવલ્લીમાંથી પરપ્રાંતીય શ્રમિકોને બસમાં રવાના કરતા પહેલા દરેક પરપ્રાંતીય શ્રમિક પાસેથી તંત્રે ૭૦૦ રૂપિયા રેલવે ટિકિટના ખંખેર્યા હોવાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા સરકાર સામે લોકોએ ફિટકાર વરસાવી હતી સરકારની બેધારી નીતિ સામે પણ લોકોએ આક્રોશ ઠાલવ્યો હતો.

ઊંઝા નજીકના ઉનાવા ખાતે મીરાંદાતારની દરગાહમાં આવેલા અને લોકડાઉનને કારણે અટવાયેલા યાત્રિકોને દરગાહ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મુસ્લિમ અગ્રણીઓ, સ્થાનિક ગ્રામજનોના સહકારથી રહેવા જમવાની સારી સગવડ કરવામાં આવી હતી. આ યાત્રિકો પૈકી મોટાભાગનાને અગાઉ રજીસ્ટ્રેશન થકી વતનમાં જવા માટે રવાના કરાયા હતા. બાદ ગઈકાલે વધુ ૩૨ યાત્રાળુઓને લકઝરી બસ મારફતે મહારાષ્ટ્રના મુંબઈ રવાના કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મામલતદાર ઝાલા, દરગાહ ટ્રસ્ટના ચેરમેન હાજી વારીસઅલી સૈયદ, મુસ્લિમ અગ્રણી મનોવરઅલી સૈયદ, વહાલમીયાં સૈયદ, ઉપસરપંચ મહેશભાઈ ચૌધરી, સ્થાનિક પોલીસે ઉપસ્થિત રહી લકઝરી બસને રવાના કરી હતી.

ખેડબ્રહ્મા શહેર શેઠ કે ટી હાઈસ્કુલનું ગૌરવ

ધોરણ ૧૨ સાયન્સ વિભાગનું આજરોજ જાહેર કરવામાં આવ્યુ તેમાં શેઠ કે ટી હાઈસ્કુલની વિદ્યાથી ચૌધરી કેયબેન સુરેશભાઈ ૯૮.૫૭ પીઆર મેળવી પ્રથમ સ્થાન મેળવે છે અને પ્રજાપતિ ખુશીબેન ગણપતભાઈ ૯૭.૫૪ પીઆર મેળવી બીજુ સ્થાન મેળવે છે અને સુથાર હિત નીલેશ ભાઈ ૯૫.૧૯ પીઆર મેળવી ત્રીજુ સ્થાન મેળવે છે આ તમામ વિદ્યાર્થીઓને મંડળના પ્રમુખ એ.એસ. જોષી તથા શાળા પ્રિન્સિપાલ વી.બી. રાવલ તથા કારોબારી સભ્યો અને સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા.

હિંમતનગર ગુરૂ બ્રાહ્મણ સમાજનુ ગૌરવ

રવિવારે ધો. ૧૨ સાયન્સ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલ પરિણામમાં હિંમતનગર નૌતન વિહાર સોસાયટી (એ)સહકારી જીન રોડ વિસ્તારમાં રહેતા પંડ્યા રાજ મિલેશકુમાર ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૫ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરતાં સાબરકાંઠા ગુરુ બ્રાહ્મણ સમાજ હિમતનગરનું ગૌરવ વધાર્યું છે. રાજે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ગાંધીનગર ખાતે અભ્યાસ કર્યો હતો. રાજના પિતા ડો. મિલેશકુમાર ઈડરમાં અક્ષરાતીત હોસ્પિટલમાં ફિજીયોથેરાપીસ્ટ ડો. છે જ્યારે માતા જયાબેન ઈડરની ભદ્રેસર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

ફોટોગ્રાફરો માટે આર્થિક પેકેજ જાહેર કરો

સાબરકાંઠા જિલ્લાના ૩૦૦થી વ્યવસાયિક ફોટોગ્રાફરોએ સરકારને સહાય માટે અરજ કરી

હિંમતનગર, તા. ૧૭

સમગ્ર ગુજરાત કોરોના મહામારીને કારણે નાના વ્યવસાયકારોને જીવન જીવવુ ઘણુ કપરૂ બની ગયું છે ત્યારે લોકોના સારા-નરસા પ્રસંગે લોકોની સ્મૃતિઓને કાયમી કંડારવાનું કામ કરે છે એવા ફોટોગ્રાફરોને રાજય સરકાર તરફથી આર્થિક પેકેજ જાહેર કરાય તેવી અરજ કરી છે.

સાબરકાંઠા જિલ્લાના ૩૦૦થી વધુ નાના-મોટા પ્રોફેશનલ ફોટોગ્રાફર કાર્યરત છે. જેમાં છેલ્લા ૫૦ દિવસથી કોરોનાની મહામારીથી વેપાર-ધંધા સંદતર બંધ રાખવા પડી રહ્યા છે. ત્યારે આવા નાના ફોટોગ્રાફરને વર્ષ દરમિયાન માત્ર લગ્નસરાની સિઝનમાં કામ મળતું હોય છે ત્યારે ચાલુ વર્ષે કોરોનાને કારણે ઉનાળા દરમિયાન આવકનો કોઈ સ્ત્રોત ન હોવા ને કારણે આવી પરિસ્થિતિમાં અમારા ફોટોગ્રાફરોએ પોતાનો અને પરિવારનો જીવન નિર્વાહ ચલાવવો એ ખૂબ જ મુશ્કેલ બન્યું છે જેમાંથી મોટાભાગના ફોટોગ્રાફર ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવે છે. તેઓ અત્યારના હરીફાઈના જમાનામાં ગ્રાહકને સારું કામ આપવાની હોડમાં બેંક તેમજ પ્રાઈવેટ કંપનીમાંથી લોન લઈને પોતાના કેમેરા અને ફોટોગ્રાફીને લગતી હાલની નવી ટેકનોલોજીની

ઈક્વીપમેન્ટ વસાવતા હોય છે. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં હપ્તા ભરવાની પણ એક મોટી સમસ્યા ઉભી થઈ છે ત્યારે અમારા ફોટોગ્રાફરને તેમનો જીવન નિર્વાહ કરવો ખૂબ જ કઠિન થઈ પડી છે અને આ લોકડાઉન પરિસ્થિતિનો સામનો કરવા અસમર્થ બની રહ્યા છીએ. તો રાજય સરકાર તરફથી આર્થિક સંકડામણને દૂર કરવા ફોટોગ્રાફર ભાઈઓ માટે ખાસ આર્થિક પેકેજ જાહેર કરે અથવા દૈનિક ભથ્થાની કોઈ સ્કીમમાં સમાવેશ કરવા માટે નું આવેદનપત્ર સાબરકાંઠા જિલ્લા અધિક કલેકટર વી.એલ. પટેલેને આપ્યું હતું જેમાં હિંમતનગર ફોટો વિડીયો અસોસિએશનના પ્રમુખ કિશોર રૂપારેલીયા તથા મંત્રી હસમુખ પટેલ તથા ઉપપ્રમુખ નરેન્દ્ર પટેલ સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં હવે સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં શોધ અને નકલ ફી પણ ઈ-પેમેન્ટ દ્વારા વેબ સાઈટ પરથી ભરી શકાશે

અરવલ્લી જીલ્લાની ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ભિલોડા, ધનસુરા, મેઘરજ અને માલપુર તાલુકાની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં ઓનલાઈન એપોઈટમેન્ટ લઈ દસ્તાવેજની નોંધણીની સાથે સાથે હવે શોધ અને ફોટો નકલની ફી પણ ઓનલાઈન ભરી શકાશે. જેથી અરવલ્લી જીલ્લાના અરજદારોને કચેરીમાં લાઈનમાં ઉભા રહેવામાંથી મુક્તિ મળી ગઈ છે. શોધ તથા નકલ ફી ના ઓનલાઈન પેમેન્ટ માટે egarvi.gujarat. gov.in માં જરૂરી સુવિધા તા. ૧૪ મેથી ઉપલબ્ધ કરવામાં આવી છે. અરજદારોએ શોધ, ફોટોકોપી, ઈન્ડેક્ષ-૨ ની નકલ ફી તેમજ અન્ય ફી ઓનલાઈન ઈ-પેમેન્ટથી ભરપાઈ કરી અસલ ચલણ તેમજ અરજી ફોર્મ નં .૩ સંબંધિત સબ-રજીસ્ટ્રાર કચેરીમાં રજુ કરવાનું રહેશે. આ રજુ કરવાથી શોધ, ફોટોકોપી નકલ તેમજ ઈન્ડેક્ષ-૨ ની નકલ મેળવી શકાશે. આ ઉપરાંત શોધ, નકલ ફી ની ગણતરી માટે કોઈ પ્રશ્ન હોય તો સ્થાનિક નોંધણી નિરિક્ષક કે સબ-રજીસ્ટ્રારનો સંપર્ક કરવા નોંધણી નિરિક્ષક કેતન પનારાએ જણાવ્યુ છે.

કોરોના મહામારીમાં મોડાસાનગર તેમજ આસપાસના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના ખાસ કરીને મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદ સમાન આરોગ્ય વિષયક સેવાઓમાં છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત તેમજ હાલ પ્રવર્તમાન કોરોના મહામારીમાં દર્દીઓને આપવામાં આવી રહેલ પ્રશંસનીય સેવાઓને બિરદાવી મોડાસા નગરની સેવા સંઘ સાર્વજનિક હોસ્પિટલને નગરના બ્રહ્મ સમાજના પ્રમુખ મુકેશભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ પ્રદીપભાઈ ઉપાધ્યાય (એડવોકેટ), મહામંત્રી ઉપેન્દ્રભાઈ જોશી, મંત્રી કેતનભાઈ ત્રિવેદી(કોર્પોરેટર) દ્વારા રૂપિયા ૨૫ હજારનો ચેક સંસ્થાવતી મહેન્દ્રભાઈ શાહને અર્પણ કરવામાં આવેલ હતો.

પ્રાંતિજ ખાતે કોરોના વોરિયર્સ જેબા ચોખાવાલાનું ભાવભીનું ભવ્ય સ્વાગત

મુસ્લિમ સમાજના લોકો સહિત અન્ય સમાજના લોકો દ્વારા પુષ્પવર્ષા દ્વારા સ્વાગત કરાયુ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા જિલ્લા પ્રાંતિજ ખાતે કોરોના વોરીયર્સ જેબા ચોખાવાલાનુ પ્રાંતિજ નગરજનો તથા સમાજના લોકો દ્વારા પુષ્પવર્ષા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુસ તાલીઓ પાડી દિકરીનો હોંશલો વધારવામાં આવ્યો હતો.

હાલ દેશ સહિત દુનિયામાં કોરોના જેવી મહામારીને લઈને સમગ્ર વિશ્વમાં આ મહામારી સામે લડી રહ્યું છે ત્યારે પ્રાંતિજની યુવતી જેબા ચોખાવાલા કે જે પોતે અમદાવાદ સિવિલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે તો જેબા ચોખાવાલા કોવિદ-૧૯ ઓપરેશન થીયેટરમાં સ્ટાફ કર્બનર્સ તરીકે પોતે પોતાની ૩૨ દિવસ સુધી રાત-દિવસ પોતાના ફરજના ભાગરૂપે સેવા આપી રહી છે. જેબા ચોખાવાલાને એક અઢી વર્ષની પુત્રી છે જેને મળવા માટે તેને ત્રણ દિવસની રજા આપવામાં આવી છે. જેબા ચોખાવાલા પોતે કોરેટાઈન થઈ માત્ર ત્રણ દિવસની રજા લઈને અમદાવાદથી પોતે બાઈક ચલાવી ૫૮ કિલોમીટરની સફર પાર કરી આ જાંબાઝ જેબા ચોખાવાલા પોતાના માદરેવતન સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવી પહોંચતા પ્રાંતિજ નગરજનો દ્વારા પુષ્પોની વર્ષા દ્વારા તેનું અભિવાદન સ્વાગત કરી તાલીઓ પાડી જેબા ચોખાવાલાનો હોંશલો વધાર્યો હતો. થોડા સમય માટે આખુંય વાતાવરણ ભાવભીનું બની ગયું હતું અને ખુશીના આંસુ પણ જોવા મળ્યાં હતા. પરિવારના સભ્યો સહિત સમાજના લોકો અને નગરજનો દ્વારા જેબા ચોખાવાલાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, જેબા ચોખાવાલા દ્વારા સમાચાર ચેનલની માધ્યમથી પ્રાંતિજ નગરજનો સમાજના લોકો સહિત સંગાસંબધીઓનો આભાર માન્યો હતો અને નગરજનોને અને સમાજના લોકોને કોરોનાથી ડરવાની જરૂર નથી પણ સાવચેતી રાખવાની ચોકકસ જરૂર છે અને અવારનવાર હેડ વોર્શીગ તથા સોશિયલ ડિસ્ટન્સ સાથે સરકાર દ્વારા જે સુચના આપવામાં આવી છે તેનું પાલન કરવા લોકોને આહવાન કર્યું હતું. ત્રણ દિવસની રજા મળતા ઘરે આવતા પોતાની અઢી વર્ષની પુત્રીને મળતા મમતાના આંસુ પણ ખુશીમાં ફેરવાઈ ગયા હતા.

અરવલ્લીમાં કોરોનાને કાબુમાં લેવા આરોગ્યતંત્રનો અનોખો પ્રયોગ ટેસ્ટ ઘટાડી કોરોનાને નાથવાનો પ્રયાસ

દેશમાં કોરોના વાયરસના કહેરને ઘટાડવા લોકડાઉન લાગુ કરવા છતાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ફૂદકેને ભૂસકે વધી રહી છે. ગુજરાતમાં સરકારના અથાગ પ્રયત્નો પછી પણ કોરોના બેકાબુ થતા સતત કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા વધી રહી છે. અરવલ્લી જીલ્લામાં લોકડાઉન-૨ અને ત્રણમાં કોરોના બોમ્બ વિસ્ફોટ થતા ૭૯ લોકો કોરોનાગ્રસ્ત બનતા જિલ્લાને રેડ ઝોનમાં મૂકી દેવામાં આવ્યો હતો. મોડાસા શહેરમાં ૨૪ લોકો કોરોના પોઝેટીવ બનતા જીલ્લામાં કોરોના હોટસ્પોટ બન્યું હતું, ૬૨ દર્દીઓને સારવાર પછી રજા આપવામાં આવી છે ત્યારે આરોગ્યતંત્રએ જીલ્લામાં સેમ્પલ લેવાની પ્રક્રિયા નહિવત કરી દેવામાં આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોના પણ કોરોનાના ટેસ્ટ કરવામાં ન આવતા હોવાનું અને આરોગ્ય તંત્રએ કોરોનાને કાબુમાં લેવા અનોખો પ્રયોગ હાથ ધર્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. કોરોના પોઝેટીવ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને લીધે જીલ્લામાં કોરોના સંક્રમણ તીવ્ર ગતિએ ફેલાવવાની દહેશત પેદા થઈ છે.

અરવલ્લી જિલ્લાને કોરોનાના કહેરને લઈને રેડ ઝોનમાં મુકવામાં આવ્યો છે એક મહિનાના ટૂંકા ગાળામાં ૭૯ કોરોના પોઝેટીવ દર્દી સાથે જિલ્લાના ૫ તાલુકા પ્રભાવિત બન્યા છે જેને લઈને લોકોમાં ભયનો માહોલ છવાયેલો છે ત્યારે આરોગ્યતંત્રએ જીલ્લામાં કોરોનાના સેમ્પલિંગ પ્રક્રિયા ઘટાડી દેવામાં આવી છે.

છેલ્લા ૪૮ કલાકમાં ૧૦ જેટલા જ કોરોનાના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હોવાની અને સરકારની નવી ગાઈડલાઈન મુજબ કોઈ પણ વ્યક્તિને લક્ષણ દેખાય તો જ તેનું સેમ્પલ લેવામાં આવી રહ્યું છે તો બીજીબાજુ કોરોના સંક્રમિત દર્દીના સીધા સંપર્કમાં આવેલા લોકોને સરકારી ફેસિલિટી કોરન્ટાઈન કે પછી હોમ કોરન્ટાઈન કરી આરોગ્યતંત્ર તકેદારી રાખી રહી હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. અરવલ્લી જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કોરોનાના શંકાસ્પદ દર્દીઓમાં થયેલો નાટ્યાત્મક ઘટાડો પણ આરોગ્યતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા કરી રહી છે.

અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા કોરોના હાહાકાર વચ્ચે અને લોકલ ટ્રાન્સમિશનના કોરોનાના વધતા જતા કેસ વચ્ચે અચાનક મે સુધી રજા પર ઉતરી જતા જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ડૉ.આશિષ નાયકને ચાર્જ સોંપવામાં આવ્યો છે ત્યારે જીલ્લામાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોનનાના ટેસ્ટ માટે કેટલા સેમ્પલ લેવાયા તેની વિગત મેળવવા મેસેજથી પ્રયત્ન કર્યા પછી ફોન કરતા થોડી વાર પછી જાણવું કહી ફોન મૂકી દીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ૭૯ દર્દીઓમાંથી મહત્તમ દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાની સાથે મોટા ભાગના દર્દીઓમાં કોરોનાના કોઈ જ લક્ષણો દેખાતા ન હતા તેમ છતાં તેમના રિપોર્ટ પોઝેટીવ આવ્યા હતા ત્યારે તંત્ર દ્વારા તાજેતરમાં નોંધાયેલા કોરોના પોઝેટીવ દર્દીના સંપર્કમાં આવેલા વ્યક્તિઓ અને પરિવારજનોના સેમ્પલ લેવામાં ન આવતા લોકોમાં સંક્રમણ ફેલાવવાનો ભય ઉભો થવા પામ્યો છે.